ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# સતત ઉડતી ધૂળની રજકણ અને પરાગરજથી વાયરલના વાવડ

## વાતાવરણમાં છેલ્લા કેટલાક દિવસોથી પલ્ટો આવ્યો છે : શરદી-ખાંસીની સાથોસાથ રજકણ અને પરાગરજથી એલર્જી-ઈન્ફેક્શનના દર્દીઓ છેલ્લા કેટલાક દિવસોથી વધી રહ્યા છે

ગાંધીનગર, તા. ૨૫

વાતાવરણમાં રહેલી ધૂળની રજકણ અને પરાગરજ છેલ્લા કેટલાક દિવસોથી પરેશાનીનુ કારણ બની છે. ધૂળ અને પરાગરજના કારણે ગળામાં અને આંખોમાં ઈન્ફેક્શન થઈ રહ્યુ છે. જેના કારણે અસ્થમા, ખાંસી અને આંખો લાલ થવી કે સુજી જવી જેવી ફરિયાદો લઈને દર્દીઓ આવી રહ્યા છે.

વાતાવરણમાં છેલ્લા કેટલાક દિવસોથી પલ્ટો આવ્યો છે. ઉનાળાની શરૂઆત થઈ ચૂકી છે તે સાથે જ પવનની ગતિ પણ વધી છે. ક્યારેક પવનની ગતિ અચાનક વધે છે તો ક્યારેક પવન સાવ પડી જાય છે જેના કારણે વાતાવરણમાં સતત ધૂળની નાની નાની રજકણ ઉડતી રહે છે. વળી હાલમાં વૃક્ષો પરથી જૂના પાંદડા ખરવાની મોસમ ચાલી રહી છે. શહેરમાં આવેલા અસંખ્ય લીમડાઓ અને અન્ય વૃક્ષોના પાંદડાઓ ખુબ મોટા પ્રમાણમાં ખરી રહ્યા છે અને નવા પાંદડા-પુષ્પો ઉગી રહ્યા છે. જેના કારણે પાંદડાઓ પર જામેલી રજકણો અને પરાગરજ હવા સાથે ભળી રહી છે.

વાતાવરણમાં રહેલા ધૂળના આ નાના રજકણો અને પરાગરજના કારણે શ્વાસ લેવામાં તકલીફ, ગળામાં ઈન્ફેક્શન અને એલર્જીના દર્દીઓ વધ્યા છે. એલર્જી અને ઈન્ફેક્શનના કારણે દર્દીઓને શ્વાસ લેવામાં તકલીફ, ગળામાં ખરાશ, દુઃખાવો, ખાંસી અને આંખો સુજી જવી કે લાલ થઈ જવી જેવી તકલીફો થઈ રહી છે.

છેલ્લા કેટલાય દિવસોથી વાયરલ ઈન્ફેક્શનના દર્દીઓ વધ્યા છે. તે સાથે જ આવા એલર્જી-ઈન્ફેક્શનના દર્દીઓ પણ વધ્યા છે. હોળી સુધી પવનની ગતિ આવી જ રહેશે અને ઋતુ પરિવર્તનનો ગાળો રહેશે ત્યાં સુધી આવા દર્દીઓ વધી શકે છે.



પ્રોપર્ટી-શો : ગાંધીનગરમાં આકર્ષણનું કેન્દ્ર બનેલા ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં યોજાઈ રહેલા ક્રેડાઈ ગાંધીનગર આયોજિત પ્રોપર્ટી-શોની મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે મુલાકાત લીધી હતી. તેમણે લોકોને સરળતા એ સુવિધા યુક્ત આવાસો માટે પસંદગીનો વિકલ્પ મળી રહે તે માટે આવા પ્રોપર્ટી શો એક સક્ષમ પ્લેટફોર્મ ગણાવ્યા હતા. સૌને આવાસ માટેની પ્રધાન મંત્રી આવાસ યોજનામાં પણ આવાસ નિર્માણકારોનો સહયોગ મળે તેવી અપેક્ષા મુખ્યમંત્રીએ વ્યક્ત કરી સૌના સાથ સૌના વિકાસ સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસથી વિકાસયાત્રા અવિરત આગળ ધપાવવા આહવાન કર્યું હતું. આ પ્રસંગે ગાંધીનગરના મેયર હિતેશ મકવાણા, શહેર પ્રમુખ રુચિર ભટ્ટ અને ક્રેડાઈ ગાંધીનગરના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# જુના સચિવાલયમાં બે નવા બ્લોક બાંધવા માટે ટૂંકમાં ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાશે

## ડીટીપી તૈયાર કરી મંજૂરી મંજૂરી અર્થે સરકારને મોકલાયો નવા સચિવાલયના વિવિધ બ્લોક ના મજબૂતીકરણ માટે પણ આયોજન

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરના જુના સચિવાલયમાં નવા બે બ્લોક બાંધવાનું આયોજન કરવામાં આવ્યું છે જ્યારે આ કાર્ય યોજના સંદર્ભે ડીટીપી તૈયાર કરી સરકારને મંજૂરી અર્થે મોકલી દેવાયું છે આ ઉપરાંત નવા સચિવાલય ના વિવિધ બ્લોકનું પણ જરૂરી મજબૂતીકરણ હાથ ધરવામાં આવશે. તેના સંબંધમાં સરકાર દ્વારા ખાનગી કંપનીને કામ સોંપીને સ્ટ્રક્ચર સ્ટ્રેંધનિંગ માટે ડિટેઈલ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો જ્યારે હવે સૈદ્ધાંતિક મંજૂરી માટે પણ દરખાસ્ત કરી દેવામાં આવી છે.

જુના સચિવાલયમાં ખાલી પડેલી જગ્યયા પૈકી ૧૮ હજાર ચોરસ મીટર વિસ્તારમાં સરકારી વિભાગોની કચેરીઓ માટે રૂપિયા ૨૦૦ કરોડના ખર્ચે ૯ માળના નવા બે બ્લોક બાંધવાની યોજના હાથ ધરવામાં આવી છે. જેમાં હાલના જુના ૫ બ્લોક સમાવી શકાય તેવી વ્યવસ્થા હશે. ઉપરાંત જના બ્લોક્સમાં લેડિઝ ટોઈલેટ અને લિફ્ટ સહિતની સુવિધા ઉભી કરવા માં આવશે. ટુંકમાં જુના સચિવાલયમાં કામ કરતા અધિકારી કર્મચારીઓ ને પણ વધુ સુવિધા મળશે સરદાર ભવનમાં તમામ ૧૪ બ્લોકની બાહ્ય સુધારણા અને સંકૂલમાં પાર્કિંગ સહિતની સુવિધાઓ ઉભી કરાશે

નવા સચિવાલયમાં સુવિધાઓ વધારવા પૂર્વે પાંચ દાયકા જુની ૧૪ ઈમારતોની મજબુતીનો ક્યાસ મેળવવામાં આવશે.. ઈજનેરી સુત્રોએ એમ જણાવ્યું કે, આ ઈમારતોને લાગેલી કાળની થપાટોના પગલે તેની દિવાલો પર લગાડવામાં આવેલા પથ્થરો બદલવાનું અનિવાર્ય બન્યું છે જોકે આ યોજના સંદર્ભે તંત્ર દ્વારા સૈદ્ધાંતિક મંજૂરી મેળવવા માટે દરખાસ્ત કરવામાં આવી છે. ઈમારતોની મજબુતાઈ વધારવાની સાથે હાલના સમય મુજબ જરૂરી સુવિધાઓ પણ અપગ્રેડ કરવા આયોજન કરાશે કર્મચારીઓ અને મુલાકાતિઓને અનુલક્ષી તમામ પ્રકારની સુવિધા ઉભી કરાશે

# શહેરમાં વધુ બે એક્સીડેન્ટલ પોઈન્ટ ઓળખી કાઢવામાં આવ્યા

## હવે ગતિ નિયંત્રણ કાયદાના અમલ માટે ખાસ ઝુંબેશ શરૂ થશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરમાં આર.ટી.ઓ. તંત્ર દ્વારા વધુ બે એક્સીડેન્ટલ પોઈંટ શોધી કાઢવામાં આવ્યા છે તેમજ ટ્રાફિક અવેરનેસ વધે તે માટેની રણનીતિ તંત્ર દ્વારા તૈયાર કરી દેવામાં આવી છે.

તાજેતરમાં જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષપદે રોડ સેફ્ટીને લઈ મળેલ એક સમીક્ષા બેઠકમાં આ અંગે વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો મુજબ ગાંધીનગર શહેરમાં ટ્રાફિક અવેરનેસ માટે ગતિ મર્યાદાના નિયમના અમલીકરણ પર આ બેઠકમાં ખાસ ભાર મુકવામાં આવ્યો હતો. જિલ્લામાં વધતા જીવલેણ અકસ્માતોને લઈ પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

ગાંધીનગરના મુખ્ય માર્ગો પર ગતિ નિયંત્રણ મર્યાદા અંગે જાગૃત્તિ આવે તે માટે ખાસ બોર્ડ બનાવી જાહેર માર્ગો પર મુકવામાં આવશે. આ ઉપરાંત શહેરમાં ટ્રાફિક પોલીસ અને આર.ટી.ઓ. દ્વારા ખાસ ઝુંબેશ પણ ટ્રાફિક અવેરનેસ અને ગતિ મર્યાદાને લઈ ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે સરગાસણ વિસ્તારમાં એક અકસ્માત ઝોન વિસ્તાર ઓળખી કાઢવામાં આવેલ છે. આ ઉપરાંત આર.ટી.ઓ. સર્કલ નાનુ કરવા ઉપરાંત સર્વિસ રોડ બંધ કરવાની ભલામણ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગરમાં આર.ટી.ઓ. તંત્ર દ્વારા ૧૪૫ થી વધુ ડ્રાયવિંગ લાયસન્સ સસ્પેન્ડ કરાયા હોવાની વિગતો આ બેઠકમાં અપાઈ હતી.

જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી જીવલેણ અકસ્માતોનું પ્રમાણ વધ્યુ હોવાથી કલેક્ટરે રોડ સેફ્ટી અંગે આ ખાસ બેઠક યોજી હોવાનું તંત્રના સૂત્રો કહી રહ્યા છે.

એક્સીડેન્ટલ ઝોન માટે માટે આર.ટી.ઓ., માર્ગ મકાન અને પોલીસની સંયુક્ત ટીમને તેમની કામગીરી સઘન બનાવવા માટેની સૂચનાઓ પણ કલેક્ટરે આપી હોવાનું જાણવા મળેલ છે.

શહેર-જિલ્લામાં ગતિ મર્યાદા અંગેના નિયમોના પાલનને લઈ હવે તંત્ર દ્વારા ખાસ અભિયાન હાથ ધરવામાં આવે તેવા સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે.

### દહેગામમાં રખડતા પશુઓને લઈ જવાબદાર અધિકારીઓ સામે ગુનો નોંધવા રજુઆત

ગાંધીનગર, તા. ૨૬

રખડતા પશુઓની સમસ્યાને લઈ જિલ્લાના જવાબદાર અધિકારીઓ સામે ગુન્હાહિત બેદરકારી દાખવવા અંગેની ફરિયાદ દાખલ કરવા માટે દહેગામ પોલીસમાં લેખિત રજુઆત થઈ હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે જો પોલીસ ફરિયાદ દાખલ નહિ કરે તો કોર્ટમાં જવાની ચીમકી પણ આપવામાં આવી છે.

દહેગામમાં ગઈકાલે રાત્રે ગાયના હુમલામાં બે લોકોને ઈજા પહોંચી હોવાની ઘટના બાદ શહેરમાં રખડતા પશુઓ અને અકસ્માતોનો મુદ્દો ગરમાયો છે.

# જિલ્લા પંચાયતમાં વધુ એક વખત ગ્રાન્ટ ફાળવણીને લઈ સહિ ઝુંબેશ કરાઈ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં સભ્યો દ્વારા વધુ એક વખત સહિ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જિલ્લા પંચાયતમાં સભ્યોની સહિ ઝુંબેશ બીજીવાર હાથ ધરવામાં આવી છે. અગાઉ જિલ્લા પંચાયતની કારોબારી સમિતિને લઈ સહિ ઝુંબેશ કરવામાં આવી હતી.

મળતી વિગતો પ્રમાણે જિલ્લા પંચાયતના સદસ્યોએ આ વખતે બજેટમાં ગ્રાન્ટ ફાળવણીને લઈ આ સહિ ઝુંબેશ કરી છે. જિલ્લા વિકાસ અધિકારીશ્રીને એક પત્ર લખી પંચાયત પ્રમુખ, કારોબારી ચેરમેનને રૂ. ૫૦ લાખ અને પંચાયતના ઉપપ્રમુખને ૨૫ લાખની ગ્રાન્ટ ફાળવવા માટે રજુઆત કરવામાં આવી છે.

આ સહિ ઝુંબેશમાં ૧૩ જેટલા સભ્યોએ સહિ કર્યાની વાતો બહાર આવી છે. અગાઉ પંચાયત પ્રમુખને ખાસ કિસ્સામાં રૂ. ૧.૨૫ કરોડની ખર્ચ કરવા માટે ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. આ મુદ્દે પક્ષમાં અલગ-અલગ મત પ્રવર્તી રહ્યા હોવાથી સભ્યોએ આ સહિ ઝુંબેશ કરી અને જિલ્લા વિકાસ અધિકારીને પત્ર લખ્યો હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લા પંચાયતનું વર્ષ ૨૦૨૩-૨૪નું બજેટ હજુ આખરી કરવાની કવાયત તંત્ર દ્વારા કરવામાં આવી રહી છે અને માર્ચના મધ્યમાં હવે પંચાયતનું અંદાજપત્ર પંચાયતની સામાન્ય સભામાં રજુ થશે. જિલ્લામાં આવકના નવા સાધનો ઉભા કરવામાં આવ્યા નથી અને આવકના સ્ત્રોતો સીમીત છે તેમજ જિલ્લા પંચાયતમાં સ્વભંડોળની આવક જે રીતે ઘટી છે તેથી ગ્રાન્ટ ફાળવણીને લઈ સભ્યોમાં સતત વિવાદ જોવા મળી રહ્યો છે.

બજેટમાં જિલ્લા વિકાસ અધિકારી અને પંચાયત પ્રમુખશ્રીને તેમની જિલ્લાના પ્રવાસ દરમ્યાન જરૂર જણાયે ખર્ચ માટે આ ગ્રાન્ટમાંથી રકમ ફાળવવાની સત્તા છે. આ ગ્રાન્ટમાંથી ખર્ચ નહિ થતો હોવાનો તેમજ ત્રણેય હોદ્દેદારોને ગ્રાન્ટ ફાળવવામાં આવે તેવી લાગણી સભ્યો ધરાવી રહ્યા છે.

# ગાંધીનગરમાં ઉનાળાના આરંભે ઠંડીનુ જોર વધ્યુ

## પારો ૧૨ ડીગ્રીએ આવી ગયો : મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે નોંધપાત્ર ૨૨ ડીગ્રીનો ફેરફાર

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરમાં ઠંડી ગરમીની મોસમ ચાલી રહી છે. દિવસે ઉનાળા જેવી ગરમી અને રાત્રિના શિયાળા જેવી ઠંડકથી જનજીવન બેવડી ઋતુના લીધે પ્રભાવિત છે. છેલ્લા ચાર દિવસમાં ઠંડીનો પારો ૪ ડીગ્રી ગગડયો છે. ઠંડનો પારો ૧૬. ડીગ્રીથી નીચે ગગડીને ૧૨ ડીગ્રી સુધી નીચે ઉતરી ગયો છે. જયારે મહત્તમ તાપમાનમાં પણ છેલ્લા એક સપ્તાહમાં સતત ચઢ ઉતર જોવા મળી રહી છે. ગરમીનો પારો પણ એક થી બે ડીગ્રી નીચે આવી જતા ઠંડીની અસર વધી છે. શહેરીજનો મોસમના આ બદલાવથી પ્રભાવિત છે. મોસમના આ વિચિત્ર મિજાજથી વાઈરલ બિમારીઓનુ જોર વધ્યુ છે. બીજીતરફ મચ્છરો માટે પણ વાતાવરણ ફેવરેબલ રહેતા સેક્ટરોમાં મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે.

ગાંધીનગરમાં વળતા શિયાળે મોસમમાં સતત બદલાવ જોવા મળે છે. ઠંડી ગરમીની અસર વચ્ચે મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં સતત ફેરફાર જોવા મળે છે. છેલ્લા એક સપ્તાહ દરમિયાન ઠંડીનો પારો ચાર ડીગ્રી નીચે ગગડયો છે. જયારે મહત્તમ તાપમાનમાં પણ ૩ ડીગ્રીની ગિરાવટ આવી છે. ગત સપ્તાહમાં જાણે ઠંડી સદંતર અદ્રશ્ય થઈ ગઈ હોવાનો અહેસાસ નગરજનોએ કર્યો હતો પરંતુ છેલ્લા ચાર પાંચ દિવસથી વાતાવરણમાં અનોખો બદલાવ જોવા મળે છે. બે દિવસથી સવારે અંશતઃ વાદળિયુ વાતાવરણ છવાયેલુ રહ્યુ હતુ જયારે બે દિવસથી ઠંડીનુ જોર પણ વધી રહ્યુ છે.

ગત સપ્તાહ દરમિયાન ગરમીનો પારો ૩૭ ડીગ્રી સુધી પહોંચી ગયો હતો જયારે આજે ગરમી ઘટીને ૩૪ ડીગ્રીએ આવી ગઈ છે. જયારે લઘુત્તમ તાપમાન પણ ૧૭ ડીગ્રી થી ગગડીને ૧૨ ડીગ્રીએ પહોંચી જતા શહેરીજનો બેવડી ઋતુની અસર અનુભવી રહ્યા છે દિવસે ઉનાળા જેવી ગરમીનો અહેસાસ કરતા નગરજનો ઘર અને ઓફિસોમા એ સી ઓન કરે છે. જયારે સાંજ ઢળતા જ ગુલાબી ઠંડીનુ મોજુ ફરી વળે છે. રાત્રે નગરજનો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળે છે. આ ડબલ સિઝનની અસર વચ્ચે શહેરમાં મચ્છરોનો ઉપદ્રવ પણ

● અનુસંધાન પાન-૭ પર

# સ્વર્ણિમ પાર્કના ફાઉન્ટેઈન-શોના સમયમાં ફેરફાર કરાયો

## સમયમાં અડધો કલાકનો ફેરફાર કરાયો : પાર્કમાં બંધ ફુવારા શરૂ કરાયા બાદ સાંજના સમયે નિયમિત બે શો કરવામાં આવે છે : મુલાકાતીઓમાં આકર્ષણનુ કેન્દ્ર

ગાંધીનગર તા ૨૬

શહેરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કમાં લાંબા સમયના અંતે બંધ વોટર શો શરૂ કરવામાં આવ્યો છે. ફાઉન્ટેઈન શો સહેલાણીઓ માટે આકર્ષણનુ કેન્દ્ર છે. ગાંધીનગર ઉપરાંત અમદાવાદ સહીતના મુલાકાતીઓ પાર્કની મુલાકાતે આવે છે. જયારે ઉનાળાનુ વેકેશન પણ નજીકમાં છે ત્યારે પાર્કમાં વોટર શોની જાળવણીનુ કામ પણ હાથ ધરવામાં આવ્યુ હતુ હાલ સાંજના સમયે બે ફાઉન્ટેઈન શો યોજવામાં આવે છે. જયારે ગરમીના દિવસોને અનુલક્ષી ફુવારાના શો માં અડધો કલાકનો ફેરફાર કરવામાં આવ્યો છે.

ગાંધીનગરનો સ્વર્ણિમ પાર્ક ગાંધીનગરાઓ તેમજ બહારગામથી આવતા મુલાકાતીઓમાં પણ અનેરૂ આકર્ષણ ધરાવે છે. વિશાળ હરિયાળા પાર્કમાં ઉનાળાની ગરમીના દિવસોમાં કીડીયારુ ઉભરાય છે. વેકેશનના સમયમાં રોજબરોજ સંખ્યાબંધ સહેલાણીઓ સાંજના સમયે પાર્કમાં હળવાશની પળો માંણવા આવે છે. ગાંધીનગરના સ્વર્ણિમ પાર્કમાં વોટર શોના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ઠંડીની સિઝનમાં ફાઉન્ટેઈન શો સાંજે ૬ : ૩૦ કલાકનો રાખવામાં આવ્યો હતો જયારે હવે ગરમીની સિઝનના લીધે આ શોના સમયમાં અડધો કલાકનો ફેરફાર કરવામાં આવ્યો છે. હાલ પણ સ્વર્ણિમ પાર્કમાં સાંજના સમયે બે વોટર શો કરવામાં આવે છે. જયારે પાંચ થી સાત મિનિટના આ ફાઉન્ટેઈન શો નિહાળવા માટે વેકેશનની સિઝનમાં ખુબ જ ભીડ રહેતી હોય છે જો કે હાલ સ્વર્ણિમ પાર્કમાં સહેલાણીઓની સંખ્યા ઓછી છે પરંતુ આગામી ઉનાળાના વેકેશનના દિવસોમાં મુલાકાતીઓની સંખ્યા વધશે જેને અનુલક્ષીને તંત્ર દ્વારા થોડા સમય અગાઉ જ વોટર બોડીની જાળવણીનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ જેમાં સફાઈ સહીત બંધ ફુવારા પણ શરૂ કરવામાં આવ્યા હતા જેના કેટલાક પાર્ટસ પણ ખરાબ થઈ ગયા હતા જે બદલીને ફાઉન્ટેઈન શો શરૂ કરી દેવાયો છે. હવામાં ઉંચા ઉડતા પાણીના રંગબેરંગી ફુવારાના લીધે આ શો સહેલાણીઓમાં વિશેષ આકર્ષણનુ કેન્દ્ર બન્યો છે. જો કે ગરમીના દિવસોની શરૂઆત સાથે જ વોટર શોના સમયમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે.

# બોર્ડના પરીક્ષાર્થીઓને મુખ્યમંત્રી, શિક્ષણમંત્રી અને કલેક્ટર દ્વારા શુભેચ્છા પત્ર

## શુભેચ્છા પત્રો પહોંચાડવાની કામગીરી હાથ ધરવામાં આવી

ગાંધીનગર, તા. ૨૬

આગામી માસમાં શરૂ થઈ રહેલ બોર્ડની જાહેર પરીક્ષાને લઈ પરીક્ષાર્થીઓને મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રી, જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા એમ ત્રણ-ત્રણ શુભેચ્છા પત્રો પાઠવવામાં આવ્યા છે અને પરીક્ષાર્થીઓને આ શુભેચ્છા પત્રો પહોંચાડવાની કામગીરી શિક્ષણ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે શિક્ષણમંત્રીઓએ તેમના પત્રમાં "અડગ મનના મુસાફરને હિમાલય પણ નડતો નથી" પંક્તિ ટાંકીને આ પરીક્ષા તમારા જીવનનો પ્રથમ પડાવ છે અને સમગ્ર વર્ષ દરમ્યાન ખૂબ જ મહેનત કરી છે તેનું ફળ અવશ્ય આપને પ્રાપ્ત થશે તેવી શુભેચ્છા પાઠવી છે.

આ શુભેચ્છા પત્રમાં શિક્ષણમંત્રી ડિંડોર અને પાનસેરિયાએ જણાવ્યુ છે કે તમે કરેલા પુરૂષાર્થ પર વિશ્વાસ રાખી ઉત્તમ પરિણામ મેળવવા મક્કમ મનોબળ રાખીને પરીક્ષા આપજો. તંદુરસ્ત મન અને તંદુરસ્ત શરીર જરૂરી છે. પ્રબળ આત્મવિશ્વાસ જ મહાન કાર્યોનો જનક છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પરીક્ષાર્થીઓને શુભેચ્છા આપતાં જણાવ્યુ છે કે સકારાત્મક વિચારસરણી દ્વારા સિદ્ધિના શિખરો પ્રાપ્ત કરશે એવી મને ચોક્કસ ખાતરી છે. નિયમિત વાંચનથી અને એકાગ્રચિત્તે દરેક વિષયની સુંદર પૂર્વ તૈયારી કરી છે ત્યારે નિર્ભિક અને સ્વસ્થ મને ઉલ્લાસપૂર્વક પરીક્ષા આપશો.

તેમણે આ પત્રમાં હકારાત્મક અભિગમ દ્વારા મનન-ચિંતન કરવા પર ભાર મુક્યો છે. તેમણે વડાપ્રધાન મોદીના પુસ્તક એક્ઝામ વોરિયર્સ વાંચવા વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને આચાર્યોને ખાસ ભલામણ કરી છે.

જિલ્લા કલેક્ટર પ્રવિણા ડી.કે.એ પણ વિદ્યાર્થીઓને ૬ મહત્વની ટીપ્સ પરીક્ષા માટે આપી છે તેમજ તનાવમુક્ત થઈ પરીક્ષા આપવા વિદ્યાર્થીઓને કહ્યુ છે. તેમણે તેમના શુભેચ્છાપત્રમાં જીવનના ગુણ, સત્ય, પ્રમાણિકતા વગેરે પણ ખૂબ જ મહત્વના છે. ઉદ્યમ એ જ સફળતાની સાચી સીડી છે તેમ કહી શુભકામનાઓ પાઠવી છે.



ખાટી-મીઠી દ્રાક્ષ - ઉનાળાનું કાઉન્ટ-ડાઉન શરૂ થઈ ગયું છે... દિવસે આકરી ગરમી પડવા લાગી છે... તેની સાથે જ બજારમાં ઉનાળું ફળનું પણ આગમન થઈ જાય છે... ઉનાળાના આરંભે તડબૂત, ટેટી, દ્રાક્ષ જેવા ફળો નાગિરકોમાં પ્રિય બનતા જાય છે... લીલી દ્રાક્ષ સ્વાદમાં ખટ-મીઠ્ઠી હોવાની સાથે સાથે આરોગ્ય વર્ધક પણ છે... ગુજરાતીઓ હળવાશની પળોમાં ઘરે બેઠા-બેઠા દ્રાક્ષને આરોગતા હોય છે...

# મનપાની જીસ્વાન કનેક્ટીવીટી કપાઈ જતાં વહીવટીતંત્ર ઠપ્પ થયુ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર મનપાનું જીસ્વાન કનેક્શન કપાઈ જતાં મનપાનો વહીવટ ઠપ્પ થઈ જવા પામ્યો છે.

ગાંધીનગર મનપાની વડી કચેરીમાં જી.સ્વાન કેબલ કપાઈ જવાની ઘટનાને એક સપ્તાહ જેટલો સમય થઈ ગયો અને આ અંગે વારંવાર વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી વિભાગ સુધી રજુઆતો કર્યા પછી પણ કેબલ કનેક્ટીવીટીની કામગીરી ન કરાતાં મનપાતંત્રનો વહીવટ ઠપ્પ થઈ ગયો છે.

સરકાર દ્વારા યોજાતી વિડીયો કોન્ફરન્સ માટે કમિશનરને કલેક્ટર કચેરી જવુ પડે છે તો અન્ય બાબતો પર પણ કનેક્શન કપાઈ જતાં વિપરીત અસરો પડી રહી છે.

જી.સ્વાન કનેક્ટીવીટી અંગે જિલ્લાકક્ષાની કચેરીઓમાં વ્યાપક ફરિયાદો ઉઠી છે પણ જી. સ્વાનના તંત્ર દ્વારા કોઈ જ કાયમી નિરાકરણ લાવવામાં આવતુ નથી. આ અગાઉ જિ.પં. અને કલેક્ટર કચેરીમાં પણ આવુ થયુ હતુ. જી.સ્વાનની સેવાઓ માટે ખાસ લોકલ એરિયા નેટવર્ક ઉભુ કરવામાં આવ્યુ છે પણ વારંવાર નેટવર્ક ખોરવાઈ જતુ હોવાથી તંત્ર દ્વારા તાત્કાલિક પગલાં લેવામાં આવે તે જરૂરી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com